<u>મે. વડોદરાના છઠ્ઠા ચીફ જયુડીશ્યલ  મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, વડોદરા.</u>

**ગુ.મુ.નં.  20281 /2019**
**આક  10**

**<u>ફરીયાદી</u>  –  <u>શ્રી સ ર કા ર</u>**

**વિરુદ્ધ**

આરોપી  (1) **પ્રિયાક ઉર્ફે ઝાડીયો મહેશભાઇ પટેલ**
**(2) જયેન્દ્રસિંહ ઉર્ફે લાલુ ચન્દ્રસિંહ સોલંકી**
**(3)અશ્વીનભાઇ કાંતીભાઇ તડવી**
**(4) જિતેન્દ્રભાઇ ઉર્ફે ટિનો કાંતીભાઇ પાટીલ**
વડોદરા

**<u>ગુન્હોઃ</u>–જુગારધારા કલમ–૧૨  મુજબ ....**

**<u>ચુ કા દો</u>**

(૧) ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધ **જુગારધારા કલમ– ૧૨ અ** મુજબ નુ ચાર્જશીટ રજુ  કરેલ છે.

(૨)આજરોજ આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતા પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આંક. 10 થી  ગુના કબુલાત પુરસીસ રજુ કરતા  અને આરોપીઓની  પ્લી રેકર્ડ  કરતાં, આરોપીઓએ સ્વૈચ્છાપૂર્વક  ગુનાની કબુલાત કરેલી છે.

(૩)  આરોપીઓની  સ્વૈચ્છાપૂર્વક  ગુનાની કબુલાત  ધ્યાને લેતા  તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતા  આરોપીઓનો પ્રથમ ગુનો છે  આરોપીઓની આર્થિક અને સામાજીક સ્થિતી ધ્યાને લેતા અને દયાની માંગણી કરતા હોય  તે ધ્યાને લઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

(૧)  આ  કામના આરોપીને  ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૨ અન્વયે **જુગારધારા કલમ– ૧૨– અ** મુજબના ગુનામાં  આરોપીઓને તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધી સજા અને દરેક આરોપીઓ ને રૂા.100-00=કુલ–રૂા.400-/–(અકે રૂપીયા ચારસો સો પુરા) દંડની સજા ફરમાવું છું. અને જો દરેક આરોપી  દંડની રકમ ન ભરે તો  દિન–૫  ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે .

સદર ગુનાના કામે મુદામાલ સબંધે વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમી કરવામાં આવે છે.

તેમજ મુદામાલ નાણાં  હોય તો સરકાર ખાતે જમા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–૧૩/૦૭/૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી મારી સહી કરી  જાહેર કર્યો.

વડોદરાઃ
**તા.૧૩**/૦૭/૨૦૧૯

**(મુકેશકુમાર જયંતિભાઇ બ્રહ્મભટ્ટ)**
છઠ્ઠા એડી.ચીફ.જયુ.મેજી.,**વડોદરા.**
**Code :  NO. GJ – ००७५४**